# ધોરણ-11
# વિષય : ચિત્રકલા (સૈદ્ધાંતિક)

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પત્તિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| 1. **પ્રાગ ઐતિહાસિક યુગની કલા** | DR1101, DR1103 | * આદિમાનવ વિવિધ પ્રવૃત્તિ અને અગ્નિની શોધ થયા બાદ કોલસા (ચારકોલ) અથવા નૈસર્ગિક મર્યાદિત રંગો દ્વારા તૈયાર કરેલ રેખાંકન વિશે સમજે. |
| 2. **સિંધુ સંસ્કૃતિની કલા** | DR1102, DR1103, DR1104 | * સિંધુ સંસ્કૃતિની કલા પકવેલી માટીની તકતીઓ સમજી તે મુજબ માટીમાંથી આકારો બનાવતા શીખે. |
| 3. **મૌર્યકાલીન કલા** | DR1102, DR1103, DR1105 | * મૌર્યકાલીન શિલ્પકૃતિઓ અને સપ્રમાણ માનવ દેહ, પ્રામી-પશુના શિલ્પોની વિશેષતા સમજે અને આપણા દેશના રાષ્ટ્રીય મુદ્રાની (સિંહસ્તંભ) કલાત્મક શિલ્પકૃતિનું રેખાંકન કરવાનો પ્રયત્ન કરે. |
| 4. **કુષાણકાલીન કલા** | DR1103, DR1106 | – |
| 5. **ગુપ્તકાલીન કલા** | DR1107 | * ભારતના પ્રાચીન ગુફા ચિત્રો-ભીત ચિગો અનેક સદીઓ સુધી કેવી રીતે સલામત રહ્યા ? વૈજ્ઞાનિક પદ્ધતિના આ ચિત્રો બનાવવામાં ઉપયોગ થયો હતો ? તે વિશે જાણકારી પ્રાપ્ત કરે. |
| 6. **પશ્ચિમના દેશોની કલા** | DR1108 | * ઈજિપ્તની માન્યતા અને સંસ્કૃતિમાંથી ભવ્ય પિરામિડ, સ્પિક્સ અને કોફીનના ભવ્યકલા વારસાને સમજે.<br>* મેસો પોટેમિયાના મ્હોરા અને માટીની તક્તીઓનું મહત્ત્વ સમજે. |

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પતિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| | | * ગ્રીસ કલાના ભવ્ય આરસના સપ્રમાણ શિલ્પો અને વાઝકામ વિશે જાણે તેમજ ખ્રિસ્તી કલામાં મોઝેક કલાનો ઉપયોગ કેવી રીતે થયો ? |
| 7. **ભારતના નામાંકિત ચિત્રકારો** | DR1109 | * ભારતીય ચિત્રકારોએ આધુનિક ચિત્રકલાને શ્રેષ્ઠતા સુધી કેવી રીતે પહોચાડ્યું ?<br>* તેમજ ચિત્રકારોને મળે રાષ્ટ્રીય સન્માન વિશે જાણો.<br>* ચિત્રકલામાં લોકકલા અને રૂપદાશૈલીથી ચિત્રમાં નવીન પ્રયોગો કેવી રીતે થઈ શકે ?<br>* વિવિધ લલીતકલાઓ જેવી કે નૃત્ય, સંગીત, સાહિત્યનો ચિત્રકારોએ ચિત્રોમાં કેવી રીતે કલાત્મક ઉપયોગ ક્યાં છે ? જેવી જાણકારી પ્રાપ્ત કરે. |
| | **પ્રાયોગિક** | |
| 1. **ચિત્ર - સંયોજન** | DR 1110 | * માનવપાત્રોનું પ્રમાણ માપ સમજે.<br>* માનવપાત્રોને ડેકોરેટીવ ફોર્મથી રેખાંખન કરતા શીખશે. |
| 2. **સર્જનાત્મક ભાતચિત્ર** | DR1111, DR1114 | * વાસ્તવિક જીવનમાં જોવા મળતા માનવ અને કુદરતી આકારોને વિવિધ રીતે અંલકૃત આકારો બનાવતા શીખશે. |
| 3. **માનવસર્જિત પદાર્થચિત્ર** | DR1112, DR1113, DR114 | * રોજિંદા જીવનમાં વપરાતા પદાર્થોનું બારીક નિરીક્ષણ કરે અને તેને છાયા-પ્રકાશ દ્વારા વાસ્તવિક બનાવવાનોપ્રયત્ન કરશે.<br>● પદાર્થની છાયા પ્રકાશ દ્વારા પૂર્ણ કરે. |

# ધોરણ-12
## વિષય : ચિત્રકલા (સૈદ્ધાંતિક)

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પત્તિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| 1. મધ્યયુગથી આર્વાચીન યુગ સુધીનો ચિત્રકલાનો વિકાસ | DR1201 | * વિવિધ સંપ્રદાયોની પોથી ચિત્ર જોવા અને સમજવા માટે નજીકના સંગ્રહાલયો (મ્યુઝિયમ)ની મુલાકાત લેવા પ્રેરીત કરી શકાય. |
| 2. મધ્યયુગથી અર્વાચીન કાળ સુધીનો શિલ્પ સ્થાપત્ય કલાનો વિકાસ | DR1202, DR1203 | * આધનિક યુગની ટૅક્નોલૉજી વગર સદીઓ સુધી જીવંત રહેલા આ શિલ્પો કઈ વૈજ્ઞાનિક પદ્ધતિથી બનેલા છે ? તે વિશે જાણે.<br>* શાળાની પ્રાર્થના સભામાં આ શિલ્પ-સ્થાપત્યોનું મહત્ત્વ અને વિશેષતા વિશે શાળાના સાથી મિત્રો સાથે અભિવ્યક્ત કરે.<br>* આધુનિક શિલ્પો અને અમુક આકારોના શિલ્પોનું ચિત્ર સંગ્રહ તૈયાર કરે અને માટીમાંથી પોતાની સમજ મુજબ આકારો બનાવશે. |
| 3. ભારતીય આધુનિક કલા પ્રવાહો | DR1203 | * પેપર અને કેન્વાસ સિવાય ચિત્ર તૈયાર કરવાની નવીન પ્રયોગાત્મક પદ્ધતિઓ સમજશે.<br>* આધુનિક સમયની ટૅક્નોલૉજી જેવી 3D ઈન્સ્ટોલેશન અને કમ્પ્યૂટર ડિજિટલ વર્કનો ઉપયોગ કરીને ટેબલેટ, આઈપેડમાં ચિત્ર તૈયાર કરવાની પદ્ધતિ સમજે. |
| 4. નામાંકિત ચિત્રકારો | DR1203 | * આધુનિક ચિત્રકારો અને શિલ્પકારોનાં ફોર્મ રંગ પદ્ધતિ, ટેક્ષ્ચર અને ગોઠવણીને સમજે.<br>* જાણીતા ચિત્રકારોના જીવન ચરિત્ર વિશે જાણે. |

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પતિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| 5. પુનરુત્થાન સમયની કલા | DR1204 | * 15મી સદીના વિશ્વના ત્રણ મહાન ચિત્રાકારોની ચિત્ર શૈલી અને કેમેરાની શોધ થઈ તે પહેલાના ચિત્રોનું મહત્ત્વ સમજે. |
| 6. પશ્ચિમના આધુનિક ચિત્રકારો | DR1204 | * કેમેરાની શોધ થયા બાદ ચિત્રકલામાં જે વૈશ્વિક પરિવર્તનો આવ્યા તે વિશે સમજ કેળવશે. |
| | **પ્રાયોગિક (Practical)** | |
| 1. ચિત્રસંયોજન | DR1205, DR1207, DR1208 | * માનવ પાત્રોનું પ્રમાણ માપ સમજે.<br>* માનવપાત્રોને ડેકોરેટીવ ફોર્મથી રેખાંકન કરતા શીખશે. |
| 2. ભાતચિત્ર | DR1205, DR1206, DR1209 | * વાસ્તવિક જીવનમાં જોવા મળતા માનવ અને કુદરતી આકારોને વિવિધ રીતે અલંકૃત આકારો બનાવતા શીખશે. |
| 3. અમૂર્ત ભાત રચના | DR1206, DR1207, DR1209 | * આકારોનું પુનરાંકન ટ્રેસિંગ પેપર દ્વારા કરતા શીખે.<br>* ચિત્રકલાની ભાત તૈયાર કરવાની ચોરસ જગ્યાને વિભાજીત કરી આધુનિક કે ભૌમિતિક આકારોનું ચોક્સ સમજ પૂર્વક ગોઠવણી કરતા શીખે. |

# ધોરણ 11 - 12 : ચિત્રકલા
## અધ્યયન નિષ્પતિ

**પ્રસ્તાવના :**

માનવજીવનનો ધબકાર એટલે કલા. પછી તે પહેરવેશમાં રંગોની ઉપયોગિતા હોય કે તેની યોગ્ય રીતે ગોઠવણી હોય. આપણા ઉપયોગમાં આવતાં વાસણો હોય કે રાચરચીલું જીવન હોય. દરેક પદાર્થની ગોઠવણીમાં જે કાંઈ વૈવિધ્ય જોવા મળે છે તે બધા જ વિષયોમાં કલાની પરખ અને નિર્માણની સૂઝ આપણા જીવનને હર્યું ભર્યું રાખે છે.

ગુફાયુગમાં જીવતો માણસ કાળક્રમે આલીશાન ઈમારતો, મહેલો, બંગલામાં રહેતો થયો. અનેક સંશોધનો દ્વારા માણસ પોતાની સૂઝનો પરિચય કરાવતો રહ્યો છે. વૈજ્ઞાનિકોએ જે કાંઈ પ્રયોગો કરી શોધ કરી છે તેને કલાકારોએ સુંદર કલાત્મક ઓપ આપ્યો છે. જીવનમાં વપરાતાં આવાં અનેક સાધનોને મનપસંદ ઘાટ આપ્યા છે. નાના બાળકોને પણ સુંદરતા પ્રત્યે ઋચિ હોય છે. જેમ જેમ બાળકની બુદ્ધિનો વિકાસ થાય તેમ તેમ તેની કલાસૂઝમાં પરિવર્તન આવે છે.

બાળકોને ચિત્રકલાના અભ્યાસ દ્વારા કલાકાર બનાવવાનો આપણો આશય નથી પણ હા ! તેને કલાની પરખ કરતાં શીખવવાનો ધ્યેય ચોક્કસ છે. તેથી બાળકોની સર્જનાત્મક શક્તિ ખીલવણી કરાવવા લલિત કલાઓનો અભ્યાસ કરાવવો જરૂરી છે તે માટે કલાની વિકાસયાત્રાનો અભ્યાસ ચિત્રકલા દ્વારા બાળકોને કરાવીએ છીએ.

સંસ્કૃતિ અને કલા એકબીજામાં પાણીના બે પ્રવાહની જેમ ભળી જાય છે. તેથી કલાનો વિકાસ એ જ સંસ્કૃતિનો વિકાસ એમ કહેવું વધારે યોગ્ય રહેશે.

## ધોરણ-11 : રાજ્યશાસ્ત્ર

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| • વિદ્યાર્થીઓને વ્યક્તિગત કે સમૂહ (જૂથ)માં વિવિધ પ્રવૃત્તિઓ કરવાની તક પૂરી પાડવી.<br>• પ્રાગ ઐતિહાસિક યુગથી માનવીની આધુનિક યુગ સુધીની વિકાસની ચર્ચા કરાવવી. | DR1101 | ભારતીય ઉપમહાદ્વીપમાં જોવા મળતી આદિકાળથી મધ્યયુગના સમયગાળા દરમ્યાન શિલ્પ, સ્થાપત્ય, ચિત્રકલાના ઉદ્‌ભવને સમજવા. |
| • ભારતના જુદા જુદા પ્રદેશમાં આદિકાળની ગુફાઓમાં થયેલી શિલ્પકલા વિશે ગ્રુપમાં ચર્ચા કરાવવી. | - | તત્કાલીન સમયમાં થયેલી વિવિધ પદ્ધતિઓ વિશે સમજ કેળવે. |
| • રેખાના પ્રકાર, આકાર, રંગ રચના, છાયા પ્રકાશનો ઉપયોગ કરાવવો.<br>• મૂર્તિઓના દૈવી તત્ત્વ, ભાવ, કરૂણા વગેરે સમજનું નિરીક્ષણ કરાવવું.<br>• વિવિધ સ્થળોની મુલાકાત દરમ્યાન તમામ પાસા વિશે સમજ આપવી જોઈએ. વિદ્યાર્થીઓ પોતે તેનો અભ્યાસ અને અવલોકન કરે તેવાં રેખા ચિત્રો તૈયાર કરાવવાં. | DR1102 | જુદા જુદા સમયગાળા દરમિયાન દૃશ્યકલા, ભાત (ડિઝાઈન), સ્થાપત્ય કલામાં કેવા તત્ત્વો, સિદ્ધાંતો પ્રસ્થાપિત કર્યા તેનું નિરીક્ષણ કરે છે.<br>સમૃદ્ધ અને વૈવિધ્યસભર વારસા અને આગામી પેઢી માટે તેના મહત્ત્વ અંગે જાગૃતિ કેળવે છે.<br>દેશના જુદા જુદા પ્રાદેશિક કલા વારસાની ગૌરવભરી લાગણીનો અનુભવ કરે છે.<br>શૈલી, સામગ્રી, કલાશાસ્ત્રો, ઈમારતો વગેરેની વિવિધતા વિશે જાણકારી મેળવે છે. |
| • વિવિધ કલાનો અભ્યાસ કરવા માટે ઈ-સ્રોતોનો (વેબસાઈટ) ઉપયોગ કરાવવો.<br>એસાઈનમેન્ટ, પ્રોજેક્ટ (પ્રાયોગિક તથા સૈદ્ધાંતિક બંને)<br>• સૈદ્ધાંતિક અભ્યાસ દરમ્યાન વિદ્યાર્થીઓને વિવિધ સ્થળોના ઐતિહાસિક અને આધુનિક તફાવતથી માહિતગાર કરવા. | DR1103 | પ્રાચીનકલા તથા આધુનિક કલા તફાવત વિશે સમજ કેળવે છે.<br>તત્કાલીન સમયમાં વપરાતાં ચિત્ર, શિલ્પ બનાવવા વપરાતાં સાધન, સામગ્રી, ઓજારો વિશે માહિતગાર થાય છે. |
| | DR1104 | ઈ.સ. પૂર્વે ૩૦૦૦ થી ૧૭૦૦ સુધીના સમયમાં માનવે કરેલા વિકાસ કાર્યોને સમજે છે. |
| • સિંધુ સંસ્કૃતિના માનવીનું જીવન-ધોરણ બાંધકામ વ્યવસ્થાનો અભ્યાસ વિશે પ્રોજેક્ટ તૈયાર કરાવવો. | - | સિંધુ સંસ્કૃતિની નગર રચના, જાહેર સ્નાનાગાર, માટીનાં વાસણ વગેરે વિશે માહિતગાર થાય છે. |
| • શિલાલેખો, લીપીઓ વિશે માહિતી એકત્રિત કરાવવી.<br>**સંદર્ભ :** દૈનિક વર્તમાન પત્રો પ્રાચીન પુસ્તકો.<br>• પા.પુ.ના આધારે પ્રોજેક્ટ તૈયાર કરાવવા. | DR1105 | મૌર્યકાલીન સમ્રાટ અશોકના યુદ્ધ પછી હૃદય પરિવર્તન તથા બૌદ્ધધર્મ અંગીકાર વિશે માહિતગાર થાય છે. સાથે સાથે સ્તૂપો, મઠ, ચૈત્ય, વિહાર વગેરેની વિશેષતા સમજે. |
| • તેના આધારે દેશના સમૃદ્ધ કલાવારસાનો ગૌરવ અનુભવ કરે.<br>• પોતાના રહેઠાણની આજુબાજુ થયેલી કલા વિશેની માહિતી એકઠી કરાવવી અને પ્રોત્સાહિત કરવા. | DR1106 | કૃષાણકાલીન કલાનો સમય, ગાંધાર શિલ્પ, કાર્લાગુફા વગેરે તથા નજીકના રાજ્ય, પ્રદેશ, જિલ્લામાં થયેલી પ્રાચીન કલા વિશે જાણકારી મેળવે છે. |
| | - | ઐતિહાસિક વારસો ધરાવતાં સ્થળોનું રક્ષણ |

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| ● સૈદ્ધાંતિક અભ્યાસ દરમ્યાન તેઓની કલાદષ્ટિના વિકાસ માટે ગૃપમાં ચર્ચા કરાવવી. ચર્ચા દરમ્યાન જે સમજે તેની નોંધપોથી બનાવવી. | | અને સાચવણી કરતા થાય છે. તથા લોકોને પણ તેના વિશે અવગત કરાવે છે. |
| | DR1107 | ઈ.સ. ૩૨૦ થી ૬૦૦ (ગુપ્તકાલીન કલા) અજંતાના ગુફા ચિત્રો, અજંતાની શોધ, ચિત્ર વિધાન, પદ્ધતિ વિશે જાણકારી મેળવે છે. |
| ● મહારાષ્ટ્રમાં આવેલી ગુફાઓ વિશે ચિત્રો એકત્રિત કરી ચાર્ટ તૈયાર કરાવવા. (વિદ્યાર્થી દીઠ) | - | અજંતાના ગુફા, મંદિરો, શિલ્પો, જાતક કથાઓ વિશે અવગત થાય છે. |
| ● દેશના તથા રાજ્યોના ઈતિહાસના તફાવત વિશે માહિતી ભેગી કરાવવી. | - | ભારતના ઈતિહાસનો સુવર્ણયુગ અને તેની ભવ્યતા વિશે જાણકારી મેળવે છે. |
| ● શિલ્પ સ્થાપત્યનાં મૂળભૂત સિદ્ધાંતો વિશે જાણકારી મેળવવા તેના પેપર કટીંગ ભેગા કરાવવા તથા તેનો અહેવાલ તૈયાર કરાવવો. | DR1108 | પશ્ચિમના દેશોની કલા વિશે જાણકારી મેળવે છે. (મમી, પિરામિડ વગેરે.) |
| ● કલાકારોએ જુદા જુદા સમયગાળા દરમ્યાન તૈયાર કરેલ ચિત્ર, શિલ્પના તત્ત્વોનું નિરીક્ષણ કરાવવું. તેમની ચિત્રકલામાં બારીકાઈનો અભ્યાસ કરાવવો. | DR1109 | ભારતીય કલાકારો વિશે જાણકારી મેળવી તથા તેમની રેખાંકન પદ્ધતિ વગેરે શીખે છે. તત્કાલીન સમયમાં કલાકારોમાં ધર્મભાવના વિશે જાણકાર હતા તે બાબતથી અવગત થાય છે. |
| ● તત્કાલીન સમયના કલાકારો દ્વારા થતા ચિત્રવિધાન પદ્ધતિનું નિરીક્ષણ કરી અનુકૃતિઓ કરાવવી. | | સમય જતાં કલાકારો દ્વારા બદલાતા વિચારો, પદ્ધતિઓ આકારો, વિષય વસ્તુમાં નવીનતા વિશે જાણકારી પ્રાપ્ત કરે છે. |
| ● ઈ.મિડિયાથી આવાં ચિત્રો એકત્રિત કરી થોડા ઘણા અંશે તે પોતે (વિદ્યાર્થી) દોરવા પ્રયત્ન કરે તેવું આયોજન કરવું. | | સમય જતાં પીંછી (બ્રશ)ને બદલે હાથથી કે અન્ય સાધન સામગ્રીથી કલાને કેનવાસ, કાગળ, ભીંત ઉપર અનેક માધ્યમથી થતા ચિત્રો વિશે જાણકારી મેળવે છે. |

## ધોરણ-11 : ચિત્રકલા (ક્રિયાત્મક/પ્રયોગિક)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| **વિદ્યાર્થીઓને વ્યક્તિગત, સમૂહ કે બેના જૂથમાં તક આપી શકાય અને તેમને પ્રોત્સાહિત કરવા જોઈએ**<br>● સૃષ્ટિ અને કુદરતી દશ્યોનું નિરીક્ષણ કરવાનું કહો. તેમની કલાત્મક કળાને અનુકૂળ હોય તેવા સ્થળે જઈને ઘરની બહાર રેખાચિત્રો દોરવાં તેઓ જે વસ્તુઓને સામાન્ય રીતે જોતા નથી. તેના વિશે તેણે જાણવાની જરૂર છે. ઉદાહરણ તરીકે એક છોડ, ફુલ તરફ જોવું, ફુલની અલગ અલગ બાજુઓથી તેનું નિરીક્ષણ કરવું. ત્યાં બીજી વસ્તુ છે. પતંગિયા છે, અલગ અલગ પ્રકારની ડાળીઓ છે. થડની રચના કેવી છે ? ઘરની અંદરની વસ્તુઓ અને ગોઠવણીનું, રસોડાની વસ્તુઓ, ફળો અને શાકભાજી, ફર્નીચરની વસ્તુઓ, જૂતાં, બેગ, કપડાં અને પડદા, સાધનો જેવી ગમતી વસ્તુઓનું નિરીક્ષણ કરે.<br>બંધ કરેલી આંખોની મદદથી કોઈ એક વસ્તુની રચના, આકાર અને કદ ચકાસો અને બીજી વસ્તુ સાથે તેની તુલના કરો, દિવ્યાંગ વિદ્યાર્થીઓ હોય તો તેમને વસ્તુનો અનુભવ કરવા દો અને પછી તે જમીન અથવા રેતીમાં દોરવાનું કહો.<br>● આછા-ઘાટા રંગોની મેળવણી કરવાનું કહો. જરૂરી બ્રશ (પીંછી) અન્ય સાધન, નાઈફ વગેરેનો ઉપયોગ કરવા કહેવું. ના હોય તો વાંસની સળી, આઈસક્રીમની સળીનો ઉપયોગ કરવા કહેવું. નકામી વસ્તુઓ જેમ કે કાગળનો ડૂચો, સ્પંચ, ઈયર બર્ડ અને ડ્રાયબશથી પોત (Texture) કરવા જણાવવું.<br>● રોજિંદા જીવનના આકારોનું અવલોકન કરી રેખાચિત્ર બનાવશે. તહેવાર ચિત્ર, સામાજિક ચિત્ર, રાષ્ટ્રીય ચિત્રો વગેરેના ચિત્રસંયોજનો કરી વિવિધ તહેવારોનું મહત્ત્વ સમજશે. માનવ પ્રમાણ કરતાં શીખશે તે મુજબ આકારોનું અવલોકન કરી ત્વરાલેખન (Skech) કરવા માટે કહો. | DR1110 | આજુબાજુની વસ્તુઓનો તાત્કાલિક રેખાચિત્ર તૈયાર કરે છે. રેખાચિત્રને શેડીંગ કે રંગ દ્વારા 3D ઈફેક્ટ આપી કલાનાં વિવિધ તત્ત્વોનો ઉપયોગ કરે છે. આકાર, પ્રકાર, સામગ્રી, રંગ સંયોજન દ્વારા પૂર્ણ કરે, કુદરતી અને હસ્તકલાની વસ્તુઓમાં રહેલી સુંદરતાની પ્રશંસા કરે છે.<br>● વિવિધ રચનાઓ કુશળતાપૂર્વક બનાવે છે. તેને ચોક્કસ સ્વરૂપ આપે છે.<br>● વિવિધ માધ્યમો જેવા કે વોટર કલર, પોસ્ટર કલર, રંગીન પેન્સિલ અને સોફ્ટ પેસ્ટલનો કુશળતાપૂર્વક ઉપયોગ કરે છે. રેખાચિત્ર અને ચિત્ર સ્પર્ધા વચ્ચેનું અંતર જાણે છે.<br>● નિષ્ણાતો દ્વારા દોરેલ કલાના અભ્યાસની પ્રશંસા કરે છે. |
| | DR1111 | રંગો, ચિત્રકામમાં ઉપયોગી વસ્તુઓ અને સાધનોનો યોગ્ય ઉપયોગ જાણે.<br>● સામાન્ય રીતે ઉપલબ્ધ રંગો, ચિત્રકાર માટે ઉપયોગી પ્રાદેશિક વસ્તુઓ અને સાધનોને ઓળખે છે અને તેમનાં નામ જાણે છે.<br>● વસ્તુઓ અને સાધનોનો ઉચિત ઉપયોગ કરે છે. |
| | DR1112 | દશ્યકળા દ્વારા વિવિધ પ્રકારોમાં સમકાલીન લોકકલા/ પ્રાદેશિક ગુફા શૈલીઓને ઓળખે છે. |
| | DR1113 | બે-ત્રણ વસ્તુઓના સમૂહની સ્થિર જીવનનું ચિત્ર બનાવે છે. |
| | DR1114 | રોજિંદા જીવનમાં કલાત્મક અને સૌંદર્યલક્ષી સંવેદનશીલતાને અમલમાં મૂકે છે. |

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| • સરળતાથી ઉપલબ્ધ સામગ્રીનો ઉપયોગ કરવા માટે કહેવું.<br>• રેખાચિત્રોને રંગો દ્વારા તથા પેન્સિલ દ્વારા છાયા પ્રકાશની મદદથી ચિત્ર બનાવવા કહો.<br>• ઘરમાં ઉપયોગમાં આવતાં સાધન સામગ્રી, પદાર્થ, ફળો અને શાકભાજી, ફર્નીચર, મનગમતી કોઈપણ વસ્તુઓ સંગ્રહ કરી, ગોઠવણી કરવા માટે કહો અને તેનું રેખાંકન કરી છાયા-પ્રકાશ દ્વારા 2D-3D ઈફેક્ટ તૈયાર કરવા કહો.<br>• પદાર્થોનું નિરીક્ષણ કરી સમજદારીપૂર્વક રેખાચિત્ર તૈયાર કરવા માટે ગોઠવણી કરશે.<br>• આકારોના વાસ્તવિક સ્વરૂપને જાળવી છાયા-પ્રકાશ (Light & Shade) દ્વારા પૂર્ણ કરશે.<br>• 2D-3D દ્વારા નવીન પ્રયોગ કરશે.<br>• આમ નાનું-મોટું, ટૂંકુ-લાંબુ તેમજ નજીક-દૂરના અંતરનો ખ્યાલ મેળવવા માટે તેમને યથાદર્શનનો ઉપયોગ કરવા કહેવું.<br>• નિરીક્ષણવૃત્તિ કેળવાય તે માટે નવીન આકારોને સમજી પ્રયોગાત્મક રેખાચિત્ર બનાવવા માટે કહો.<br>• રચના સૌંદર્ય શાસ્ત્રનાં મૂલ્યોનો અનુભવ કરાવવા માટે અભ્યાસક્રમમાં કેટલાંક પસંદ કરેલાં કાર્યોની ડિજિટલ ઈમેજ જોવા માટે પ્રોત્સાહિત કરવા.<br>• નજીકમાં રહેતા કલાકારો, કારીગરોના સંપર્ક કરી તેઓ પાસેથી માર્ગદર્શન મેળવવા કહેવું.<br>• કલાકૃતિઓ તૈયાર કરી વર્ગખંડમાં ગોઠવવા કહો.<br>• વર્ષમાં બે થી ત્રણ વખત તેનું પ્રદર્શન થાય તેમ આયોજન કરી ગ્રૂપમાં કાર્ય સોંપવું.<br>• રોજે રોજનું કાર્ય ડિસ્પલે બોર્ડ પર મૂકવા માટે કહેવું.<br>• જીવનમાં સર્વાંગી વિકાસ સાધવા માટે કલાનું મહત્ત્વ સમજાવવું અને તેના માટે પ્રેરણા | | |

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| આપવી. પોતે અને અન્ય વિદ્યાર્થીઓના માર્ગદર્શક બનવા કહેવું.<br>● વિદ્યાર્થીઓ, કર્મચારીઓ અને સમુદાયના લોકોના પ્રતિભાવો જાણો અને રેકોર્ડ કરવા માટે કહો.<br>● કાર્યક્રમનો અહેવાલ, પ્રિન્ટ, ડિજિટલ વીડિયોના માધ્યમો દ્વારા પ્રચાર-પ્રસાર માટે મોકલવું.<br>● શાળામાં વર્ગખંડમાં સફાઈ રાખવા માટે પ્રેરણા આપવી તેમજ શાળાની મિલકત, કલાકૃતિ ને જાળવવી અને સુંદર વાતાવરણ જાળવી રાખવા માટે સૂચન કરવું. | | |

# ધોરણ : 12
# વિષય : ચિત્રકલા

**પ્રસ્તાવના :**

- ધોરણ-૧૨માં કલા શિક્ષણમાં વિવિધ વિષય હોય છે. જેમ કે દશ્ય કળા અને અભિનયકલા (Visual & performing Arts) આ શિક્ષણ શિસ્તલક્ષી હોય છે. બોર્ડના વિદ્યાર્થીઓ આ વિષયે મુખ્ય વિષયોમાંથી એક તરીકે અથવા તો વધારાના વિષય તરીકે પસંદ કરે છે. ચિત્રકલા/ દશ્ય કલામાં મુખ્ય ચાર વિષય હોય છે. વિદ્યાર્થીએ પોતાના અત્યાર સુધીના શિક્ષણના તબક્કાઓમાંથી જે વિષયમાં કુશળતા કેળવી હોય અને તેને રસ હોય, આ ઉપરાંત ભવિષ્યમાં જો એ તેને પોતાના વ્યવસાય તરીકે પસંદ કરવા માંગતો હોય તો તેને ચારમાંથી કોઈ એક વિષય પસંદ કરવાનો હોય છે. આ વિષયો છે. ચિત્રકલા, ગ્રાફિક્સકલા, શિલ્પકલા, એપ્લાઈડ આર્ટ (વ્યવસાયિક કલા) દશ્ય/ચિત્રકલા વિષયને બે ભાગમાં વહેંચવામાં આવે છે. વિભાગ-૧ : સૈદ્ધાંતિક (શાસ્ત્ર-Theory) આધારિત હોય છે, જ્યારે વિભાગ-૨ ક્રિયાત્મક (પ્રાયોગિક - Practical) માં આવે છે. ચિત્રકલા સાથે જોડાયેલી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ચિત્રકલાનો અભ્યાસ ઉપયોગી છે.

  કલા શિક્ષણમાં 3Hનું સૂત્ર મહત્ત્વપૂર્ણ છે. Hand, Head અને Heart, આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ કલાકારની આપેલી વ્યાખ્યા મુજબ... "માત્ર હાથ-પગના ઉપયોગથી કાર્ય કરે તે મજુર છે, હાથ-પગ ઉપરાંત મગજનો ઉપયોગ કરે છે તે કારીગર-ઈજનેર કહેવાય અને હાથ-પગ મગજ ઉપરાંત હૈયું રેડીને કામ કરે તે કલાકાર કહેવાય."

  કલાશિક્ષણ એ માત્ર અભ્યાસક્રમ માટે મર્યાદિત નથી પરંતુ વ્યક્તિના સર્વાંગી વિકાસમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ બાબત છે. બાળક લખતાં શીખે તે પહેલાં ચિત્ર દોરતાં શીખે છે. કેળવણીના પાયામાં કલાનું શિક્ષણ મહત્ત્વપૂર્ણ છે.

## ધોરણ-12 : ચિત્રકલા (સૈદ્ધાંતિક)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| ● ભારતીય ઉપમહાદ્વીપમાં જોવા મળતી મધ્યયુગથી અર્વાચીન યુગની વિવિધ ચિત્રકલા, ચિત્ર પદ્ધતિ, હસ્તપ્રતો સમયની વિશેષતા દર્શાવતાં ચિત્રો વિશે જણાવવું. | DR1201 | મધ્યયુગથી અર્વાચીનયુગ સુધીની ચિત્રકલાની વિકાસ યાત્રા તેમજ સમકાલીન જુદા જુદા યુગ, પ્રદેશો અને પામ પર્ણ પર હસ્તપ્રત ચિત્રકલા, લઘુચિત્ર વગેરેની લાક્ષણિકતાઓ સમજે છે. |
| ● ભારતીય ચિત્ર શૈલીઓ જેવી કે પાલ, જૈન, રાજપૂત, રાજસ્થાની, મોગલ, કાંગડા શૈલી, તેમજ આધુનિક ચિત્રકારોની ચિત્રશૈલી વિશે જાણકારી આપવી. | DR1202 | મધ્યયુગથી અર્વાચીનકાળ સુધીના શિલ્પ સ્થાપત્યોનો વિકાસ અને જાણીતાં શિલ્પોની સમજ કેળવે છે. |
| ● ભારતીય કલામાં મધ્યયુગની ચિત્રકલાનું મહત્ત્વ સમજે તેના પેટા વિષયો અંગે નિરીક્ષણ કરાવવું અને તેવા ચિત્રોનો સંગ્રહ કરી આલબમ તૈયાર કરાવવું. | DR1203 | ભારતીય આધુનિક ચિત્રકલાના પ્રવાહો અને જાણીતા ચિત્રકારોનાં ચિત્રો, ચિત્ર વિધાન પદ્ધતિની વિશેષતાઓ કેળવે છે. |
| ● ભારતના આધુનિક ચિત્રકારોના ચિત્રો કરવાની પદ્ધતિ, આકારોનું ઓવર લેપીંગ તેમજ જાણીતા ચિત્રકારો અને ચિત્રોની સમજ આપવી. | DR1204 | પુનરૂત્થાન સમયના વિશ્વના જાણીતા ચિત્રકારો અને પશ્ચિમના આધુનિક ચિત્રકારોનાં ચિત્રો તે સમયની વિશેષતા તેમજ ચિત્રકારોના જીવન અને કવન વિશે સમજ કેળવે છે. |
| ● ભારતમાં જોવા મળતા મધ્યયુગીન શિલ્પ સ્થાપત્યોની વિશેષતા, વૈજ્ઞાનિક પદ્ધતિ, કલાત્મક શિલ્પો, પૂર્ણ અને અંશઃમૂર્ત શિલ્પો, તેમજ પથ્થરને પણ મૂર્ત સ્વરૂપ આપવાની ભારતીય શિલ્પ સ્થાપત્યની વિશેષતાની સમજ આપવી. | | |
| ● આ સમયનાં સ્થાપત્યો જેવાં કે કોણાર્કનું સૂર્ય મંદિર, ઈલોરા, એલીફન્ટા, અને મહાબલીપુરમ્ જેવાં સ્મારકોનાં નામ, ઐતિહાસિક મહત્ત્વ ધરાવતાં સ્થળોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરાવવો. વર્ગ-ખંડમાં આ અંગે સવાલ-જવાબની સ્પર્ધાનું આયોજન કરવું. | | |
| ● ભારતીય સ્થાપત્યમાંથી વિજ્ઞાન કલા, ડિઝાઈન, સુંદરતા, સળંગ એક જ પથ્થરમાંથી બનાવેલ શિલ્પનો વિવિધ દૃષ્ટિકોણ દ્વારા અભ્યાસ કરાવવો. નજીકનાં ઐતિહાસિક સ્થળોની મુલાકાત દ્વારા પ્રત્યક્ષ અનુભવો કરાવી તમામ પાસાં વિશે સમજ આપવી. | | |
| ● આધુનિક સ્થાપત્ય કલા વિશે વિસ્તૃત સમજ તેમજ તે બનાવવા માટે વપરાતી સાધન સામગ્રીની સમજ કેળવવી, આધુનિક શિલ્પોમાં અમૂર્ત આકારોનું મહત્ત્વ અને ઓવરલેપીંગની સમજ આપવી. | | |
| ● આધુનિક આકારોનાં શિલ્પો અથવા અમૂર્ત | | |

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| આકારોનાં શિલ્પો કે જે સરળતાથી મળતી વસ્તુઓ જેવી કે માટી, લાકડું અને મીણથી શિલ્પો બનાવવાની પ્રવૃત્તિની સમજ આપવી.<br>● ભારતીય આધુનિક કલાપ્રવાહો એટલે કે ચિત્ર બનાવવાની વિવિધ પદ્ધતિઓ જેવી કે લીનોકટ, લીથોગ્રાફી, ઈચિંગ તેમજ કમ્પ્યૂટર ગ્રાફીક્સ અને ત્રિ પરિમાણીય (3D), ઈન્સ્ટોલેશન આર્ટ, કમ્પ્યૂટર ડિજિટલ વર્ક દ્વારા વિવિધ પદ્ધતિઓથી થતા પેઈન્ટિંગની સમજ કેળવે.<br>● ઉપરોક્ત ગ્રાફિક્સ પદ્ધતિઓમાંથી એકાદ પદ્ધતિનું પ્રત્યક્ષ નિદર્શન કરી વિદ્યાર્થીઓ પાસે ગ્રાફિક્સ ચિત્ર તૈયાર કરાવવું.<br>● કમ્પ્યૂટરની મદદથી વિદ્યાર્થીઓ પાસે બેઝિક વર્ક ચિત્રકલાના સરળ અને મૂર્ત, અમૂર્ત આકારોનો ઉપયોગ કરી ડિજિટલ વર્ક તૈયાર કરવું.<br>● ભારતના આધુનિક ચિત્રકારોનાં ચિત્રો, ચિત્ર પદ્ધતિ તેમજ આકારોની ગોઠવણીનું પ્રત્યક્ષ, કમ્પ્યૂટર અથવા પ્રોજેકટરના માધ્યમથી ચિત્રો બતાવી તેની વિશેષતા બતાવવી.<br>● જાણીતા વિવિધ ચિત્રકારોનાં ચિત્રોનો સંગ્રહ કરી તેમના વિવિધ ચિત્રોનો અને તેમની કાર્યશૈલીનો પરિચય કેળવાવવો.<br>● ભારતીય સંસ્કૃતિની વિવિધ લલીતકલાઓનો પ્રાથમિક પરિચય કરાવીને તેમાં ચિત્રકલાનું મહત્ત્વ સમજાવી તેનાથી અવગત કરાવવું.<br>● પુનરૂત્થાન સમયની કલાના ત્રણ મહાન ચિત્રકારો લીયોનાર્દો-દ-વિન્ચી, માઈકલ એન્જેલો અને રફાયેલના વૈશ્વિક મૂડી સમાન ચિત્રોનો પરિચય કરાવવો.<br>● કેમેરાની શોધ થયા પહેલાંની પંદરમી સદીમાં વાસ્તવિક ચિત્રકલા, વિશેષતા, ઐતિહાસિક મહત્ત્વની પ્રાથમિક સમજ કેળવવી અને આ સમયના શિલ્પકારોની અતિ વાસ્તવિક શિલ્પકલાની પણ સમજ આપવી.<br>● કેમેરાની શોધ થયા પછીના પશ્ચિમના આધુનિક ચિત્રકારોના ચિત્રો, ભાત રચના અને સંપૂર્ણ આકારોની વિશેષતાઓનો અભ્યાસ કરાવવો.<br>● ચિત્ર વિધાનની વિવિધ પદ્ધતિઓ જેવી કે ક્યુબિઝમ, રિયાલીસ્ટીક અને સરયાલીઝમ આર્ટનો પરિચય કરાવવો. | | |

# ધોરણ-12 : ચિત્રકલા (ક્રિયાત્મક/પ્રાયોગિક)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| ● કુદરતી દશ્યોનું નિરીક્ષણ કરો. તમારી કલાત્મક અભિવ્યક્તિની પ્રેક્ટિસ કરવા માટે તમને અનુકૂળ જગ્યાએ જઈ રેખાચિત્રનું આયોજન કરો. ફૂલ, છોડ, બારમાસી, જાસુદ, સૂર્યમુખી, મહેંદી, કરેણ, વગેરેની ડાળીઓ કુદરતી તત્ત્વો-સૌંદર્યથી ભરેલાં જોવા મળે છે.<br>● પાંદડાઓ, ડાળીઓનો આકાર તેની લંબાઈ, પહોળાઈ, જોડાણનું અવલોકન કરવું. પાંદડુ સૂકું હોય તો તેના જેવું આબેહૂબ (વાસ્તવિક) ચિત્ર બનાવો.<br>● કુદરતી આકારો જેવા કે ઝાડ, પથ્થર, ફૂલ, છોડ, પતંગિયાનું ત્વરાલેખન તૈયાર કરાવી તેમાં આબેહૂબ પેન્સિલ શેડીંગ અને રંગો દ્વારા પૂર્ણ કરાવવું.<br>● બુદ્ધિ, કૌશલ્યની મદદથી વિવિધ રચના (કુદરતી કે ભૌમિતિક) નું સમજદારી પૂર્વક ચિત્ર તૈયાર કરાવવું.<br>● ગોઠવણી (ઓવરલેપિંગ) દ્વારા ચિત્રમાં સમતોલન સમજાવવું.<br>● નવીન આકારોને સમજી પ્રયોગાત્મક રેખાચિત્ર એટલે અમૂર્ત (એબસ્ટ્રેક્ટ) આકારોની કુશળતા કેળવે તેવો પ્રયત્ન કરવો.<br>● ચિત્રકલાની સાધન સામગ્રી-પેન્સિલ, બ્રશ, ડિશ, કલર, નાઈફનો સમજદારીપૂર્વક ઉપયોગ કરશે. જેવા કે ગરમ-ઠંડા, સજાતીય-વિજાતીય રંગો, ટીન્ટ-શેડ અને એકરંગીય રંગપૂરણીનો ઉપયોગ કરી ચિત્રને સુશોભિત કરાવવું.<br>● નકામી વસ્તુઓ જેવી કે કાગળનો ડૂચો, સ્પંજ, ઈયરબર્ડ, ડ્રાયબ્રશથી પોત ટેક્ષ્ચર સમજાવવું.<br>● ચિત્રકલાના આ વિષયના હેતુ સર્જનાત્મકતાનો રહેલો છે. માનવી અભ્યાસ અને અનુભવને સંચિત કરી, સુષુપ્ત ભાવોને જગાડી કલ્પના અને મૌલિક વિચારોને જોડી કંઈક નવુ સર્જે તેને આપણે નવ સર્જન કરાવીએ.<br>● ચિત્રમાં વાસ્તવિક તેમજ અર્ધવાસ્તવિકની ગોઠવણી પોતાની કલ્પના આધારિત કરાવવી. માનવ શરીરનું સપ્રમાણ જાળવી સર્જનાત્મક (ડેકોરેટીવ) આકારોથી ચિત્ર તૈયાર કરાવવું. | DR1205 | આજુબાજુની પરિસ્થિતિ અને વસ્તુઓનું તાત્કાલિક રેખાચિત્ર તૈયાર કરે છે. |
| | - | 2D માધ્યમનો ઉપયોગ કરીને 3ડ઼ ઈફેક્ટ તૈયાર કરે છે. જેમ કે ચિત્રકામ અને રંગકામ. |
| | - | રેખાચિત્ર તૈયાર કરતા સમયે કક્ષાના વિવિધ તત્ત્વોનો ઉપયોગ કરે છે. કુદરતી અને હસ્તકલાની વસ્તુઓમાં રહેલી સુંદરતાની પ્રસંશા કરે છે. |
| | - | વિવિધ માધ્યમો વૉટર કલર, પોસ્ટર કલર, પેન્સિલ કલર વગેરેનો ઉપયોગ કરે છે. |
| | DR1206 | વિવિધ રચનાઓ કુશળતાપૂર્વક બનાવે છે. |
| | DR1207 | રંગો, ચિત્રકામમાં ઉપયોગી વસ્તુઓનો ઉપયોગ કરે છે. |
| | DR1208 | આસપાસની ઘટનાઓ અને પ્રસંગોને યાદ કરે છે અને સ્મૃતિના આધારે ચિત્ર દોરે છે. |
| | DR1209 | કુદરતી તત્ત્વો તથા માનવસર્જિત આકારોને અલંકૃત આકારોમાં સર્જન કરે છે અને સંયોજન કરી આલેખે છે. |

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| પરંતુ વાસ્તવિક માત્ર કલ્પના પર આધારિત નહિ પણ બંનેનું સંમિશ્રણ થાય વૈયક્તિક અભિવ્યક્તિ સભર બને તથા મૌલિક અભિગમને વધુ વેગ મળે એ રીતે સમજ કેળવે.<br>● ચિત્ર સંયોજનના વિષયોમાં દૈનિક જીવનના પ્રસંગો, કથાઓ, દંતકથાઓ, વાર્તાઓ, રોજબરોજની બનતી ઘટનાઓ, કાવ્યના પ્રસંગો ઐતિહાસિક બનાવો, રાષ્ટ્રીય, સામાજિક અને ધાર્મિક પ્રસંગો, પૌરાણિક પ્રસંગો, ઉત્સવો વગેરેમાંથી વિષયો રાખવા.<br>● વસ્તુને તેની ઉપયોગિતાની દૃષ્ટિએ ન જોતાં સૌંદર્યની દૃષ્ટિથી વધારે સુશોભિત કરી કુદરતી તત્ત્વો તેમજ માનવસર્જિત પદાર્થો વગેરે આકારોમાં અને દેખાવમાં ફેરફાર કરવો.<br>● કુદરત તથા માનવ સર્જિત આકારો જેવા કે પાન, ફળ, ફૂલ, વૃક્ષ, વેલ, પીંછા, પશુ, પંખી તથા ઝૂંપડી, ઘર, વગેરે વાસ્તવદર્શી સ્વરૂપને સૌંદર્ય યુક્ત અને કલાત્મક સુશોભિત સ્વરૂપમાં જોવા વધારે ગમે છે અને તેથી આલેખનમાં તેનું નિરીક્ષણ કરી અલંકૃત ચિત્ર સંયોજન તૈયાર કરે.<br>● મનપસંદ રંગો અને પોત-ભાતથી (ટેક્ષ્ચર) સુશોભિત કરાવવું. | | |